For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

૫૭૫ કરોડના જીએસટી કૌભાંડમાં ચોકસી બજારના બુલિયનની ધરપકડથી જ્વેલર્સમાં ફફડાટ

# DGGIના દરોડાથી ચોક્સી બજારમાં શટર પડ્યાં

**સુમતિ** સિલ્વરના યતીન સુમતિલાલ શાહ પર રૂપિયા ૧૭ કરોડ રૂપિયાની જીએસટી ચોરીનો આક્ષેપ

**સોનાના** સિક્કા, બિસ્કિટ ઘરેણાં બિલ વગર વેચતાં DGGIની મોટી કાર્યવાહી

**આરોપીને** કોર્ટમાં રજૂ કરાતાં ત્રીજી માર્ચ સુધી જ્યુડિશિયલ કસ્ટડી

સુરતઃ સુરતનાં સોના-ચાંદી બજારમાં મોટું માથું ગણાતા બુલિયન યતીન સુમતિલાલ શાહની DGGI વિભાગે ધરપકડ કરતાં જ્વેલરીના વ્યવસાયીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. અડાજણ વિસ્તારના વેસ્ટર્ન શત્રુંજય, પાલ ખાતે રહેતા યતીન સુમતિલાલ શાહને ત્યાં DGGIની સઘન તપાસ બાદ ૫૭૫ કરોડ રૂપિયાનાં સોના અને ચાંદીનું બિલ વગર વેચાણના આક્ષેપો થયા છે. આરોપીની ફર્મ મેસર્સ સુમતિ સિલ્વર (ચોક્સી બજાર, પારેખ કોમ્પ્લેક્સ પાસે, કરવા રોડ, સુરત) ખાતે તારીખ ૧૭/૧૦/૨૦૨૫ના રોજ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. દરોડા દરમિયાન મહત્વના દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા હતા. આ તપાસમાં ૫૭૫ કરોડ રૂપિયાનું સોનું અને ચાંદીનું વેચાણ જીએસટી બિલ વિના 'કાચા વ્યવહાર' તરીકે કરવામાં આવ્યું હતું. આ તમામ વ્યવહારો અંગે કોઈ જીએસટી રિટર્ન પણ ભરવામાં આવ્યું ન હતુ. જેના કારણે સરકારને અંદાજે ૧૭ કરોડ રૂપિયાની જીએસટી ચોરી થવાનો પ્રાથમિક અંદાજ છે. આ જીએસટી ચોરીમાં આરોપી યતીન સુમતિલાલ શાહની DGGI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અને આજે ચીફ કોર્ટમાં રજૂ કરવામાં આવતાં DGGI તરફે વકીલ ઈમરાન મલેક હાજર રહ્યાં હતા. આરોપીને કોર્ટે તા. ૦૩/૦૩/૨૦૨૬ સુધીનો જ્યુડિશિયલ કસ્ટડીમા મોકલવાનો હુકમ કર્યો હતો. DGGI વિભાગે સોનુ વેચનાર બુલિયન યતીન શાહને ત્યા દરોડા પાડતાં આ સુમતિ ફર્મ પાસેથી બેનંબરી વ્યવહારો કરનારાએ

...અનુસંધાન પાના ૭ પર

## પારેખ, વિરતી અને શુભલક્ષ્મી જ્વેલર્સમાં બિલ વગર સપ્લાય

મેસર્સ સુમતિ સિલ્વરને ત્યાં દરોડામાં ૫૭૫ કરોડથી વધુ બિલ વગર વેચાણનાં હિસાબો મળી આવતાં DGGI વિભાગ દ્વારા બેનંબરમાં ખરીદી કરનારાં જ્વેલર્સને ત્યાં તપાસનો દૌર લંબાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આરોપીની ફર્મ દ્વારા પારેખ જ્વેલર્સ લિમિટેડ, વિરતી જ્વેલર્સ અને સુભલક્ષ્મી જ્વેલર્સને બિલ વિના મોટા પાયે માલ સપ્લાય કરવામાં આવ્યો હોવાનાં હિસાબો મળી આવતાં જીએસટી ચોરી કરનારામાં દોડધામ વધી ગઈ હતી. આ સહિતને ત્યાં DGGIની હાલ તપાસ ચાલુ છે.

## કરોડોના રોકડ વ્યવહારને પગલે ઈડીની એન્ટ્રીની શક્યતા

મેસર્સ સુમતિ સિલ્વરને ત્યાથી સોનું વેચાણમા ખુબ જ મોટા પાયે કરોડો રૂપિયાનાં રોકડ વ્યવહારો મળી આવતાં આ કેસમાં આગામી દિવસોમાં ઈડી તપાસની શક્યતાં હોવાનું સુત્રો નકારી શકતાં નથી. આ કેસ પરથી સ્પષ્ટ થાય છે કે સુરતમાં રિઅલ એસ્ટેટ અને સોના-ચાંદીમા આજે પણ રોકડમાં વહીવટ થઈ રહ્યો છે.

સુરતીઓના ટેક્સથી વર્ષે 300 કરોડના ખર્ચે ચાલતી સ્મીમેરમાં જ સુરતીઓને વંચિત રાખવાનો ખેલ?

# સ્મીમેરની બેઠક મુદ્દે અન્યાય સાથે સુરતીઓ પર રાજકીય અત્યાચાર

**હાઈકોર્ટ**-સુપ્રીમ કોર્ટના 70% કોટાના સ્પષ્ટ નિર્દેશ છતાં ઉલ્લંઘન?

250 બેઠકમાં 170-180 સીટ સુરતને મળવી જોઈએ, મળે છે માત્ર 70 બેઠક

**સામાન્ય** સભાની બહાલી બાદ પણ નિર્ણય કાગળ પર જ કેમ?

સુરતઃ 80 લાખની વસતી ધરાવતા સુરત જિલ્લામાં, સુરત મહાનગરપાલિકાના 100 ટકા નાણાંથી ઊભી થયેલી સ્મીમેર મેડિકલ કોલેજમાં જ સુરતના વિદ્યાર્થીઓને પ્રવેશથી વંચિત રાખવામાં આવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ ઊઠ્યો છે. લોકલ હિસ્સો માત્ર 28 ટકા સુધી સીમિત રાખવામાં આવતા શહેરભરમાં અસંતોષ ફેલાયો

...અનુસંધાન પાના ૭ પર

## સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી છતાં અમલ શા માટે નહીં?

તે સમયના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા 70 ટકા લોકલ કોટાને મંજૂરી આપવામાં આવી હતી અને સામાન્ય સભાએ પણ સર્વાનુમતે તેને બહાલી આપી હતી. છતાં, છેલ્લા 15 વર્ષમાં વધેલી બેઠકો પર પણ 70 ટકાનો જ હિસ્સો સુરતને કેમ ન મળ્યો? શું પાટનગરના રાજકારણીઓના ઇશારે સુરતના શાસકો મૌન ધારણ કરીને બેઠા છે? શું રાજકીય ચાપલુસીના કારણે સુરતના હકો પર પાણી ફેરવાઈ રહ્યું છે? શહેરમાં આ સવાલો ખુલ્લેઆમ ઉઠી રહ્યા છે.

## આરટીઆઈમાં પણ ટાળો-ટાળી: પારદર્શિતાથી મનપા કેમ ડરે છે?

શહેરના જાગૃત નાગરિકોએ સ્મીમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજ પાછળ વર્ષે કેટલો ખર્ચ થાય છે તે જાણવા આરટીઆઈ હેઠળ માહિતી માંગેલી છે. છતાં, સુરત મહાનગરપાલિકા દ્વારા બે-બે મહિનાનો વિલંબ કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો છે. માહિતી અધૂરી આપવી, મુદ્દા ટાળવા અથવા ટેકનિકલ કારણો બતાવી સમય પસાર કરવાનો પ્રયત્ન- આ બધું પારદર્શિતાના અભાવની નિશાની તરીકે જોવામાં આવી રહ્યું છે.

## મુદ્દો ફરી કોર્ટના દરવાજા ખખડાવશે તેવું નિશ્ચિત છે

સ્થાનિક વિદ્યાર્થીઓ, વાલીઓ અને જાગૃત નાગરિકોમાં માંગ ઊઠી રહી છે કે 2010-11ના અદાલતી આદેશોના અમલની સંપૂર્ણ સમીક્ષા થાય. છેલ્લા 15 વર્ષમાં વધેલી બેઠકોની ફાળવણીનો હિસાબ જાહેર કરવામાં આવે. 70 ટકા લોકલ કોટાનો તરત જ અમલ થાય. સુરતના કરદાતાઓના પૈસે ચાલતી સંસ્થામાં જ સુરતીઓને અન્યાય થાય તે સ્વીકાર્ય નથી. હવે જો મનપા શાસકો મૌન તોડશે નહીં, તો આ મુદ્દો ફરી કોર્ટના દરવાજા ખખડાવશે તે નિશ્ચિત છે.

# રાજ્યસ્તરે ચમક્યું સુરતનું ટેલેન્ટ; શિસ્ત, સાતત્ય, સ્ટ્રેટેજીએ લખી સફળતાની નવી કથા




JEE મેઈન સેશન-1માં શૌર્ય રાજ્યમાં બીજો, નીરજ શહેરમાં બીજો

**અનેક** શાળાઓના વિદ્યાર્થીઓએ 99+ પર્સન્ટાઈલ સાથે કર્યો કમાલ

સુરતઃ JEE મેઈન સેશન-1ના પરિણામોએ સુરતને ફરી એકવાર રાજ્યના નકશા પર તેજસ્વી બનાવ્યું છે. આ વર્ષે માત્ર વ્યક્તિગત ટોચ નહીં, પરંતુ સંસ્થાગત સ્તરે પણ શહેરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને "કન્સિસ્ટન્સી ઇઝ કી"નો પાઠ સાબિત કર્યો છે.

શહેરના શૌર્ય ખેમકાએ 99.9924 પર્સન્ટાઈલ સાથે શહેરમાં પ્રથમ અને રાજ્યમાં બીજો ક્રમ મેળવી સુરતનો ગૌરવ વધાર્યો છે.

...અનુસંધાન પાના ૭ પર

## શહેરની શાળાઓનો સંકલિત પ્રભાવ

- પીપી સવાણી સ્કુલઃ સાન્વી ઝવેરીએ 99.79 PR સાથે ગર્લ્સ કેટેગરીમાં ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું. કુલ 32 વિદ્યાર્થીઓ 99+ PR.
- આશાદીપ ગૃપ ઓફ સ્કુલઃ 24 વિદ્યાર્થીઓ 99+ PR. અણદાણી વ્રજ (99.866 PR) સુરતમાં પ્રથમ (ગુજરાતી માધ્યમ), ભીંગરાડિયા પલ (99.854 PR) દ્વિતીય. પટેલ સત્યએ ફિઝિક્સમાં 100 Percentile.
- યોગી પ્રવૃત્તિ વિદ્યાલયઃ 106માંથી 69 વિદ્યાર્થીઓ 90+ PR; ગોપાણી યુગ 99.517 PR સાથે વિશેષ સિદ્ધિ.
- કૌશલ વિદ્યાભવનઃ 98માંથી 46 વિદ્યાર્થીઓ 90+ PR; 2 વિદ્યાર્થીઓ 99+ PR.

...અનુસંધાન પાના ૭ પર

## પડકારને જ બનાવ્યો શક્તિનો આધાર



99.9897 પર્સન્ટાઈલ મેળવનાર નીરજ પરતાનીએ સાબિત કર્યું કે 'કોઈ શોર્ટકટ નથી.' સવારે ૭ વાગ્યે ઊઠીને ૮ વાગ્યે એલન જવું અને બપોર બાદ સેલ્ફ-સ્ટડી–તેનું શિસ્તબદ્ધ શેડ્યૂલ હતું. ગણિત તેની તાકાત હતી, પરંતુ કેમિસ્ટ્રી નબળો વિષય. તેણે પડકારથી ભાગ્યા વિના છેલ્લાં દિવસોમાં કેમિસ્ટ્રી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું. મોક ટેસ્ટમાં ઓછા માર્ક્સ મળતાં તે નિરાશ થવાને બદલે પોતાની ભૂલોનું વિશ્લેષણ કરતો. તે કહે છે, સફળતા માટે કોઈ 'સિક્રેટ સોસ' નથી–માત્ર સખત મહેનત અને આત્મવિશ્વાસ.

## 'ભલે કોઈ દિવસ ઓછું ભણાય, પણ સાતત્ય ન છોડશો. નાનાં ટાર્ગેટ મોટાં પરિણામ લાવે છે'



સિટી ટોપર શૌર્ય ખેમકાનું માનવું છે કે "સ્માર્ટ સ્ટ્રેટેજી વિના મહેનત અધૂરી છે." તે દરરોજ રાત્રે આગલા દિવસનું ટાઈમટેબલ તૈયાર કરતો અને તેને કડક રીતે અનુસરતો. સવારે ૪ વાગ્યે ઊઠીને અભ્યાસ અને રાત્રે ૯ વાગ્યે પૂરતી ઊંઘ આ તેની નિયમિતતા હતી. તે સોશિયલ મીડિયાથી દૂર રહ્યો, નિયમિત જિમ જતો અને સંગીત દ્વારા તણાવ ઘટાડતો. ક્યારેક બર્નઆઉટ અનુભવાતો ત્યારે જૂની સફળતાઓ યાદ કરીને પોતાને ફરી પ્રેરિત કરતો.

## સુરતમાં પણ જોવા મળે છે ગુલાબની ખેતી



સુરત માત્ર સ્વાદ માટે નહીં પરંતુ સુગંધ માટે જાણીતું છે. શહેરના કૃષિ ફાર્મની આસપાસ આવા ખીલેલા ગુલાબ મનમોહી લે તેવા લાગે છે. (તસવીર : હેમંત ડેરે)

31 ડિસેમ્બર-2025ના રોજ વાયેબિલિટી ગેપ ફંડિંગ સ્કીમની મુદત પૂર્ણ થતા અટકી પડેલી

# વેન્ચૂરા એરકનેક્ટની દૈનિક હવાઈ સેવા ફરી શરૂ થઈ

**મંજૂરી** વિના પૈડાં થંભી ગયા હતા, સરકારે મંજૂરી આપતા હવે અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને અમરેલીની દૈનિક સેવા ફરી શરૂ થઈ

**વેન્ચુરા** એરકનેક્ટને તાજેતરમાં ઓર્ગન ડોનેશનના કેસમાં માનવ અંગો એક શહેરથી બીજા શહેર સુધી ઝડપી પહોંચાડવા માટે મેડિકલ મંજૂરી મળી

સુરતઃ ગુજરાત સરકારના સિવિલ એવિયેશન વિભાગના પ્રોત્સાહનથી વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) સ્કિમની મુદત 31 ડિસેમ્બર 2025ના રોજ પૂરી થયા પછી આ સ્કીમ રિન્યુ નહીં થતા સુરતની પોતીકી એટલે કે, હીરા ઉદ્યોગકારોની માલિકીની વેંચુરા એરકનેક્ટ એરલાઈન્સના વિમાનોના પૈંડા થંભી ગયા હતા. જો કે હવે સરકારે ફરી મંજૂરી આપતા વેંચુરા એરકનેક્ટ (Venture Airconnect) દ્વારા સુરતથી અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને અમરેલી સુધી દૈનિક હવાઈ સેવાઓ ફરી શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના શહેરો સુધી માત્ર 30 મિનિટ જેટલા ઓછા સમયમાં ફરી પહોંચી શકાશે. સુરત શહેરના હીરા

...અનુસંધાન પાના ૭ પર

## સુરતમાં અદ્યતન વિમાન મેન્ટેનન્સ સુવિધા શરૂ, વૈશ્વિક દરજ્જો વધવાની આશા

વેન્ચુરા એરકનેક્ટ દ્વારા સુરત ખાતે એકમાત્ર અને આધુનિક સુવિધાયુક્ત વિમાન મેન્ટેનન્સ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ સુવિધાથી સુરતમાં ઉડ્ડયન મેન્ટેનન્સ ક્ષેત્રે નવા યુગની શરૂઆત થશે. મુંબઈ અને અમદાવાદ જેવા વ્યસ્ત એરપોર્ટ્સ પર જગ્યાની અછત તથા વધુ ખર્ચને કારણે હવે દેશભરના વિમાનો મેન્ટેનન્સ માટે સુરત આવી શકે છે. આથી સુરત એરપોર્ટનો વૈશ્વિક દરજ્જો પણ વધશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

ચૂંટણી પૂર્વે મનપાનું 'ધાર્મિક સુવિધા' કાર્ડ

# ધાર્મિક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલી સંસ્થાઓને 25 કરોડ ફાળવાશે

**કાયદાકીય** ગૂંચ ઉભી ન થાય તે રીતે પોલિસી તૈયાર કરવા શાસકોની કવાયત

સુરતઃ આવનારી મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરત મનપામાં રાહતોની વરસાદી ઋતુ શરૂ થઈ છે. સ્થાયી સમિતિ દ્વારા તાજેતરના બજેટમાં સીનિયર સિટિઝન અને વિધવા મહિલાઓને BRTS બસમાં મફત મુસાફરી તેમજ મિલકતવેરામાં રાહતની જાહેરાત બાદ હવે ધાર્મિક ટ્રસ્ટ સાથે સંકળાયેલી સંસ્થાઓને પાયાની સુવિધા માટે 25 કરોડ ફાળવવાનો વિશેષ પ્રસ્તાવ રજૂ થયો છે.

સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું કે, સરકારના કાયદાના અમલને બાધ્ય ન થાય તે રીતે ધાર્મિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ધાર્મિક સંપ્રદાયની માન્ય સંસ્થાઓ (ધાર્મિક સંસ્થા)ને પાયાની પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે મનપા દ્વારા વિશેષ બજેટની જોગવાઈ કરવામાં આવશે. આગામી સમયમાં આ અંગેની ચોક્કસ નીતિ બનાવાશે. ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ ધાર્મિક સંસ્થાઓને જ આ પોલિસી હેઠળ આવરી લેવાશે. મનપા દ્વારા કાયદાકીય બાધ્ય ન થાય તે રીતે પોલિસી તૈયાર કરાશે. જેથી શહેરભરમાં રજિસ્ટર્ડ ધાર્મિક સંસ્થાઓમાં તાત્કાલિક પાયાની પ્રાથમિક સુવિધાઓ આ પોલિસી હેઠળ ઉપલબ્ધ કરાવી શકાય.

વર્ષ 2026-27ના બજેટમાં ધાર્મિક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલી સંસ્થાઓને એપ્રોચ રોડ, પથ્થર-પેવિંગ, લાઈટ, પાણી, ગટર, વોટર કૂલર તેમજ સોલાર પેનલ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. શહેરભરમાં નોંધાયેલ ધાર્મિક સંસ્થાઓને તાત્કાલિક ધોરણે પાયાની સુવિધાઓ મળી રહે તે હેતુથી આ આયોજન કરાયું હોવાનું મનપાના સૂત્રો જણાવે છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે, સરકારના કાયદાની જોગવાઈઓને બાધ્ય ન થાય તે રીતે માન્ય ધાર્મિક સંપ્રદાયોની નોંધાયેલી સંસ્થાઓને આ સુવિધાઓ આપવામાં આવશે. આ માટે અલગથી ચોક્કસ નીતિ ઘડાશે અને ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ સંસ્થાઓને જ આ પોલિસીનો લાભ મળશે. કાયદાકીય વિવાદ ટાળવા વિશેષ કાળજી લેવામાં આવશે. છેલ્લા બે-ત્રણ મહિનાથી ભાજપ શાસકો દ્વારા શહેરજનોને વિવિધ રાહતો આપવામાં આવી રહી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે ચૂંટણી પૂર્વે

...અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં હવે મહિલાઓ નાઇટશિફ્ટમાં કામ કરી શકશે

**ગુજરાત** દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમમાં સુધારા સૂચવતું વિધેયક સર્વાનુમતે પસાર થયું છે. શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા દ્વારા રજૂ કરાયેલા આ સુધારા વિધેયકને આધુનિક સમયની માંગ મુજબ અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપતું મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવ્યું છે.તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019ના અધિનિયમમાં કામદારોની કામની સ્થિતિમાં સુધારો, સ્ત્રીઓ માટે રોજગારીની વધુ તકો, વેપારીઓને અનુકૂળ વાતાવરણ અને 365 દિવસ સંસ્થા ચલાવવાની છૂટ સહિતની જોગવાઈઓ પહેલેથી જ અમલમાં છે. હવે નવા સુધારા દ્વારા બદલાતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિને અનુરૂપ કાયદાને વધુ વ્યાવહારિક બનાવવામાં આવ્યો છે. અગાઉ 10 કે તેથી વધુ કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને કાયદો લાગુ પડતો હતો. હવે આ મર્યાદા વધારીને 20 કે તેથી વધુ કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓ માટે રાખવામાં આવી છે. 20થી ઓછા કર્મચારીઓ ધરાવતી દુકાનોને નોંધણી કરાવવાની ફરજ રહેશે નહીં, પરંતુ ઓનલાઈન જાણ કરવી પડશે. આ પગલાથી નાના વેપારીઓ અને સ્ટાર્ટ-અપ્સને રાહત મળશે. આર્થિક પ્રવૃત્તિને વેગ આપવા દૈનિક કામના કલાકોની મર્યાદા 9 કલાકથી વધારીને 10 કલાક કરવામાં આવી છે. સળંગ કામના કલાકોની

...અનુસંધાન પાના ૭ પર

ત્રીજી પુણ્યતિથિએ
માહ્યાવંશી શ્રદ્ધાંજલિ



"સ્વ. ડાહીબેન બાવજીભાઈ કંથારીયા પરિવારનું ફૂલે પૂજેલું ગોવિંદજી રૂપી પુષ્પ વિખરાય ગયું"

સ્વ. ગોવિંદભાઈ
બાવજીભાઈ પટેલ (કંથારીયા)
જન્મ તા. ૦૫.૦૫.૧૯૩૬
સ્વ. તા. ૧૮.૦૨.૨૦૨૩
નિવૃત્ત એસ.ટી. કર્મચારી, ગુજરાત

દરિયાદિલિ જેમનાં શ્વાસોમાં હતી, કરૂણા જેમનાં હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો, સર્વે પ્રત્યે અખુટ લાગણીસહ, આપનો આનંદી અને માયાળુ સ્વભાવ, વ્યવહાર કુશળતા, સંસ્કાર અને સ્નેહ ભાવનાની સુવાસ કદી ભુલાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. રામીબેન ગોવિંદજી કંથારીયા
શાંતિલાલ જી. કંથારીયા
વૈશાલી એસ. કંથારીયા
ધીરૂભાઈ જી. કંથારીયા
હિરલ એસ. પટેલ (પૌત્ર)
સિધ્ધરાજ એસ. પટેલ (પૌત્ર)
ખુશ્બુ એસ. પટેલ
રાધિકા હિરલ પટેલ
ત્રિશલાદેવી સુમિત વર્મા (પૌત્રી)
મુલુંડ – મુંબઈ
સ્વ. રાજેન્દ્ર ઠાકોરભાઈ કંથારીયા પરિવાર
સ્વ. રમેશચંદ્ર ગોવિંદજી કંથારીયા પરિવાર
ગં.સ્વ. હેમલતા આર. કંથારીયા
શ્રીમતિ ઈન્દુમતિ એમ. કરંજીયા –(પુત્રી)
શ્રીમતિ રક્ષાબેન આર. ચાવડા –(પુત્રી)
પ્રતિક આર. કંથારીયા -(પૌત્ર)
હાર્દિક આર. કંથારીયા -(પૌત્ર)
યશસ્વી ડી. કંથારીયા -(પૌત્રી)
સમગ્ર કંથારીયા પરિવાર – પાંચ ગામ
કાસલા બુજરંગ, તા. ઓલપાડ, જી.સુરત.
ભવ્યાબા, હિનાયાબા, કનિષ્કાબા. ધૈર્યરાજસિંહ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.ધનવદન
ચંપકલાલ ખાટીવાળા
સ્વ. તા. ૧૮-૦૨-૨૦૨૫

સારા કર્મોની સુવાસ સદા રહેશે, મીઠીવાણી હંમેશા યાદ રહેશે
ભલે અદૃશ્ય થયા હોય પરંતુ, આપની યાદ હંમેશા, અમારી સાથે રહેશે
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

:: લિ ::
ગઃસ્વ. કૌશિકાબેન ધનવદનભાઈ ખાટીવાળા
કનૈયા ધનવદન ખાટીવાળા પૂત્ર (U.S.A)
કિરણ કનૈયા ખાટીવાળા પૂત્રવધુ (U.S.A)
મુકેશ ઘીવાળા- જમાઈ (U.S.A)
વિણા ઘીવાળા-પુત્રી (U.S.A)
અતુલ શેઠ -જમાઈ (U.S.A)
દિપ્તી શેઠ -પુત્રી (U.S.A)
યશ કનૈયા ખાટીવાળા પૌત્ર (U.S.A)
કરિશ્મા ખાટીવાળા પૌત્રવધુ (U.S.A)
પાર્થ કનૈયા ખાટીવાળા પૌત્ર (U.S.A)
મેલોની જય ઘીવાળા
ફેમીના કરણ શેઠ
મો.+630 808 7065 (U.S.A), + 630 333 0065 (U.S.A)

ચઉદમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ઈશ્વરલાલ
નાથુભાઈ શેરડીવાલા
જન્મ તા. ૧૬/૦૮/૧૯૩૦
સ્વ. તા.૧૮/૦૨/૨૦૧૨

તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યું, પરંતુ તમારી સ્મૃતિ હરહંમેશ અમારા હૈયે કોતરાયેલી રહેશે. જીવનની હળપળે હસ્તા રહ્યા તમે સ્નેહથી સર્વેના હૈયે વસતા રહ્યા તમે, જયાં સુધી જીવીશુ ત્યાં સુધી હળપળે તમને યાદ કરતા રહીશું. પરમાત્મા આપના આત્માને ચીર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
સ્વ. મંજુલાબેન ઈશ્વરલાલ શેરડીવાલા
રાજેન્દ્ર ઈશ્વરલાલ શેરડીવાલા
અશ્વીન ઈશ્વરલાલ શેરડીવાલા
તેજસ અશ્વીન શેરડીવાલા
'વૈશાલીકુંજ' જયલક્ષ્મી સ્ટુડીઓની ગલીમાં રામચોક પાસે, ઘોડ દોડ રોડ, સુરત. 98241-80680

સત્ કૈવલ સાહેબ
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
સત્ કૈવલ સાહેબ



સ્વ. પુષ્પાબેન પ્રફુલભાઈ ઉમરીગર
જન્મ તા. ૧૦/૧૦/૧૯૫૦ સ્વ. તા.૧૮/૦૨/૨૦૨૫ (મહા વદ છઠ મંગળવાર)

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા, એ માતાની મીઠી છાયા
જગતમાં ક્યાંય ન મળે, હૈયું રડે, નયનો રડે ને રડી રહ્યા સંતાનો,
એ આંસુડાને લુછનાર માયાળુ "માં" ક્યાં મળે, જેણે તડકો વેઠી શૂન્યમાંથી
સર્જન કર્યું, તે "માં" ના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ.
પ્રફુલભાઈ ગોપાળજી ઉમરીગર
ઉમેશ પ્રફૂલભાઈ ઉમરીગર
રીટાબેન - ઉમેશભાઈ ઉમરીગર
પારૂલબેન - કિશોરભાઈ ઉમરીગર
વૈશાલીબેન - યોગેશભાઈ ઉમરીગર
હીનાબેન - જયેશભાઈ ઉમરીગર
સાચી, હર્નિષ તથા સમસ્ત ગોપાળ ભુવન પરીવાર

સાતમી પૂણ્યતિથીએ હદયપૂર્વક શ્રદ્ધાંજલિ



સ્વ.ભોગીલાલ અમરતલાલ ધમણવાલા
સ્વ.તા.૧૮/૦૨/૨૦૧૯

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે,
જેમા આપની સ્મૃતિ એક વરદાન છે,
તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. સ્વ.ભગવતીબેન ભોગીલાલ ધમણવાલા
સ્વ. દિનેશચંદ્ર એ. ધમણવાલા
સ્વ. મહેશચંદ્ર એ. ધમણવાલા
અરૂણચંદ્ર એ. ધમણવાલા
મયુર એમ. ધમણવાલા
હિરેન એ. ધમણવાલા
મિહિર એમ. ધમણવાલા
સ્વ. મદનબેન ડી. ધમણવાલા
ગં.સ્વ ભારતીબેન એમ. ધમણવાલા
કોકિલાબેન એ. ધમણવાલા
નેહલબેન એમ. ધમણવાલા
મોનિકાબેન એચ. ધમણવાલા
દેવ એચ. ધમણવાલા
તથા સમસ્ત ધમણવાલા પરિવારના હરિ ૐ નારાયણ

પાંચમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. ધ્રુવકુમાર હસમુખલાલ દેસાઈ
જન્મ તા.૨૫-૦૭-૧૯૫૦ સ્વ.તા.૧૮-૦૨-૨૦૨૧

અચાનક તમારી વિદાયે મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
સ્વભાવમાં સહજતા, સાહસિક, વ્યવહારમાં સંતુલન,
હકારાત્મક વલણ, મન-વચન, કર્મની નિષ્ઠા, સ્વયંશિસ્ત,
પોલાદી મનોબળ અને ધૈર્ય એવા અનેક પાસાઓના
સમન્વય એજ આપના વ્યક્તિત્વની ઓળખ હતી.
આપે સીચેલા સંસ્કારો તથા તમારા આશીર્વાદ
અમોને આગળ વધવાની પ્રેરણા આપતા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.

લિ.
રોનક ધ્રુવકુમાર દેસાઈ (પુત્ર)
તથા સમસ્ત દેસાઈ પરિવાર